ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૩૨ ટકા

# ઉનાવામાં સરકારી ગૌચરમાં દબાણ ઉભુ થતા ખેડુતોને મુશ્કેલી

ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામની ગૌચર અને સરકારી પડતર જમીનમાં ખેડુત દ્વારા પાકુ દબાણ ઉભુ કરી દેવામાં આવ્યું છે. દબાણને પગલે અન્ય ખેડુતોને ખેતરમાં જવાનો માર્ગ બંધ થઈ ગયો છે. ખેડુતોએ અનેકવાર લેખિત તેમજ મૌખિક ફરીયાદ તલાટી અને સરપંચ ને કરી છે તેમ છતા નિરાકરણ નહી આવતા ખેડુતે મુખ્યમંત્રી સમક્ષ ન્યાય માટે રજુઆત કરી છે. ત્યારે સરકારી તંત્ર દ્વારા દબાણ દુર કરવામાં નહી આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ખેડુતો દ્વારા કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામની સરકારી જમીન અને ગામ પંચાયતની ગૌચર જમીનમાં દબાણ ઉભુ કરીને હક્ક કરવાનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે ઉનાવા ગામના મુકેશભાઈ પટેલે મુખ્યમંત્રી સહિત નાયબ મુખ્યમંત્રી તેમજ મહેસુલ વિભાગમાં પણ ફરીયાદ કરી છે, તેમનુ કહેવું છે કે પંચાયતની ગૌચર જમીનમાં ગામના ખેડુતે દબાણ ઉભુ કર્યું છે. એટલું જ નહી પાકુ દબાણ ઉભુ કરી દેવામાં આવ્યું છે. જેને અનુલક્ષી અન્ય ખેતરમાં જવાનો માર્ગ સંપુર્ણ પણે બંધ થઈ જવા પામ્યો છે. જયારે ખેડુતોને પોતાના ખેતરમાં મહામુસીબતનો સામનો કરી પસાર થવુ પડે છે. ત્યારે ગામના સરપંચ અને તલાટીને ગૌચર અને સરકારી જમીન પરનું દબાણ દુર કરવા કેટલીકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે તેમ છતા આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. જેથી ખેડુતે મુખ્યમંત્રી, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચકક્ષાએ દબાણ દુર કરવા લેખિત રજુઆત કરી છે. અરજદારે નકશા, સર્વેનંબર અને ફોટોગ્રાફ સાથે લેખિત જાણ કરી ઝડપી દબાણ દુર કરવા રજુઆત કરી છે. જો ટુંક સમયમાં દબાણ દુર કરવામાં નહી આવે તો ઉનાવા ગામના ખેડુતો દ્વારા ગાંધી ચિંધ્યામાર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

**ખેડુતે દબાણ અંગે મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરી**





શહેરના ચ-૫ થી જ માર્ગ પર જઈ રહેલી ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી કવોલીસ કારને અકસ્માત નડ્યો હતો. જેમાં માર્ગની બાજુમાં આવેલ વૃક્ષનો ઓટલો તુટી જવા પામ્યો હતો. જો કે સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી.

# ચોરીનો માલ વેચવા આવેલા બે ચેઈન સ્નેચર્સ ઝડપાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં ચોરીનો મુદ્દામાલ વેચવા ફરતા બે ચેઈન સ્નેચર્સને ગાંધીનગર એલસીબી પોલીસની ટીમે દબોચી લીધા છે. પોલીસને આરોપીઓ પાસેથી રૂ. ૨,૨૨,૨૩૦ ની કિંમતના સોનાના દાગીના મળી આવ્યા છે. બંન્ને આરોપીઓ પકડાતા છ માસ અગાઉ સોલા હાઈકોર્ટ પોલીસ મથકમાં બે, વિસનગર શહેર તેમજ પ્રાંતિજ પોલીસ મથકમાં નોંધાયેલા લુંટના ગુનાનો ભેદ ઉકેલી જવા પામ્યા છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી પીઆઈ નીરજ પટેલની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ વિજયસિંહને બાતમી મળી હતી કે બે શખ્સો લુંટનો મુદ્દામાલ વેચવા ફરી રહ્યા છે. જેને પગલે પોલીસે ખ-૩ સર્કલ પાસેથી પલ્સર બાઈક નં. જી.જે.૦૨.સી.કયું.-૫૭૦૮ લઈને પસાર થઈ રહેલા બે શખ્સોને દબોચી લીધા હતા. પકડાયેલ સાગર ઉર્ફે ટેચીયો દશરથજી ઠાકોર (ઉં.વ.-૨૩ રહે. લાકરોડા માણસા) પાસેથી રૂ. ૧,૧૨,૨૧૦ ની કિંમતનું એક સોનાનું મંગળસુત્ર, ૪૪,૫૯૦ ની કિંમતનું રૂદ્રાક્ષની માળા અને રૂ. ૨૫,૮૬૩ ની કિંમતનો સોનાનો દોરો મળી આવ્યો છે. જયારે રજની બચુજી ઠાકોર (ઉં.વ.૨૩ રહે કુંડાળ મહેસાણા) પાસેથી રૂ.૩૯,૫૬૭ ની કિંમતનો સોનાનો દોરો મળી આવ્યો હતો. એલસીબી પોલીસે બંન્ને આરોપી પાસેથી રૂ. ૨,૨૨,૨૩૦ ની કિંમતના દાગીના અને રૂ.૭૫ હજારનું બાઈક કબ્જે કરીને વધુ તપાસ હાથ ધરી છે. જયારે આ બંન્ને આરોપીઓ પકડાતા સોલા હાઈકોર્ટ, પ્રાંતિજ અને વિસનગર શહેર પોલીસ મથકમાં નોંધાયેલા લુંટના ગુનાના ભેદ ઉકેલાશે.



# શહેરમાં આકસ્મિક ઘટનાને લઈ પોલીસનો લોકડાઉન એકશન પ્લાન તૈયાર

**શહેરી વિસ્તારને ગણતરીની મીનીટમાં ૫૫૦ જેટલા જવાનો લોકડાઉન કરી દેશે**

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં ત્રણ હત્યાના બનાવ, વાવોલ બેંકમાં લુંટનો નિષ્ફળ પ્રયાસ, તેમજ વિધાનસભાના ગેટ સુધી આવી પહોંચેલા શિક્ષકો સહિતની ઘટનાઓને લઈ ગાંધીનગર પોલીસે સલામતી અને સુરક્ષાને ધ્યાને લઈ એક એકશન પ્લાન તૈયાર કર્યો છે. જેમાં કોઈપણ આકસ્મિક ઘટના સમયે ગાંધીનગર એસપીના આદેશથી શહેરી વિસ્તારને ગણતરીની મીનીટમાં ૫૫૦ જેટલા જવાનો લોકડાઉન કરી દેશે. એટલે કે શહેરી વિસ્તારની ચોતરફ પોલીસની મજબુત સુરક્ષા દિવાલ ઉભી થઈ જશે. એસપીના આદેશથી લઈને લોકડાઉન કરવામાં માત્ર ૧૫ થી ૩૦ મીનીટનો સમયગાળો થાય તે પ્રકારની સિસ્ટમ ઉભી કરવામાં આવી છે. જેમાં એસપી અને ડીવાયએસપીના સુપરવિઝનમાં સમગ્ર એકશન પ્લાન કાર્યરત થઈ જશે.

પ્રાપ્ત માહિતી મુજબ એસપી મયુર ચાવડાએ અધિકારીઓ સાથે બેસીને આ એકશન પ્લાન તૈયાર કર્યો છે. જેમાં ગાંધીનગર શહેરી વિસ્તારને છ ઝોનમાં વહેચણી કરવામાં આવી છે.જેમાં દરેક ઝોનમાં ક્યા પોઈન્ટ પર કયો કર્મચારી-અધિકારી હાજર રહેશે તે નક્કી કરી દેવામાં આવ્યું છે. એટલે કે માત્ર મેસેજ મળતા પોલીસ જવાન-અધિકારી પોતાના નક્કી કરેલા પોઈન્ટ પર તુરંત પહોચી જશે. લોક ડાઉન પ્લાનમાં માત્ર ૧૫ થી ૩૦ મીનીટમાં નક્કી કરેલા પોઈન્ટ પર પોલીસ પહોંચી જશે. સીટીના લોકડાઉન માટે સમગ્ર જિલ્લાની પોલીસની મદદ લેવાઈ છે. જેમાં પોલીસ મથકની સંખ્યા નકકી કરી કોન્સ્ટેબલ થી લઈને પીઆઈ સુધી ૫૫૦ ની સંખ્યા નક્કી કરાઈ છે. એકવાર કંટ્રોલમાંથી મેસેજ મળતા જ પોલીસ સ્ટેશન વિસ્તાર મુજબ ૧૫ થી ૩૦ મીનીટમાં પોલીસ પહોંચી જશે. એટલે કે શહેરી વિસ્તારના પોલીસ મથકનો સ્ટાફ માત્ર ૧૫ મીનીટમાં અને શહેરી વિસ્તાર બહારના પોલીસ મથકનો સ્ટાફ અડધો કલાકમાં પહોંચી જાય તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દરેક પોલીસ મથકના સ્ટાફને જગ્યા બતાવી દેવામાં આવી છે. પોલીસ સ્ટાફના કર્મચારીઓને નજીકનો પોઈન્ટ આપવામાં આવ્યો છે. આ સ્કીમમાં એસપી કચેરીના સ્ટાફનો પણ સમાવેશ થઈ ગયો છે. જેમાં કયા સ્થળે બાઈક, જીપ અને વાન ઉભી રહેશે તે પણ નક્કી કરી દેવાયું છે.

# ગાંધીનગર જિલ્લાની મહિલાઓને નેચરલ શબરત, ટામેટા કેચપ, ફ્રૂટ જામ અને અથાંણા બનાવવા માટેના તાલીમ વર્ગનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા સીઝનલ વિવિધ બનાવટો તૈયાર કરી નહી નફો નહી નુકશાનના ધોરણે વેચાણ સેકટર-૨૧ શાકમાર્કેટના મેળા ઉપર આવેલી મદદનીશ બાગાયત નિયામકશ્રીની કચેરી તથા કેનીંગ વેચાણ કેન્દ્ર ખાતે કરવામાં આવી રહ્યું છે.

સેકટર-૨૧ શાકમાર્કેટ મેળા ઉપર આવેલી મદદનીશ બાગાયત નિયામકશ્રીની કચેરી તથા કેનીંગ વેચાણ કેન્દ્ર ખાતે ગ્રામ્ય અને શહેરી મહિલાઓને સીઝનલ વિવિધ ફળ અને શાકભાજી પરિક્ષણની ૭ થી ૧૫ દિવસના તાલીમ વર્ગ પણ ચલાવવામાં આવે છે.

આ તાલીમ વર્ગમાં નેચરલ શરબત, સિન્થેટીક શરબત, ટામેટા કેચપ, ફ્રૂટ જામ, વિવિધ અથાંણા, છુંદો બનાવવાની તાલીમ આપવામાં આવે છે. નેચરલ તૈયાર થયેલ સીઝનલ વિવિધ બનાવટોનું વેચાણ પણ કરવામાં આવે છે. તે ઉપરાંત ઘર આંગણે નાના બગીચા કે કિચન ગાર્ડન માટે જરૂરી વિવિધ શાકભાજીના બિયારણ અને ખાતર પણ વેચાણ કરવામાં આવે છે. વિવિધ પ્રકારના અથાણા અને અન્ય સીઝનલ વિવિધ બનાવટોની ખરીદી કરવા અને મહિલાઓને વિવિધ પ્રકારના તાલીમ વર્ગમાં જોડાવવા માટે નાયબ બાગાયત નિયામક, ગાંધીનગરે જણાવ્યું છે.

# શહેર-જિલ્લાના ૬ થી ૧૪ વયજુથના બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપ

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર શહેર અને ગ્રામ્ય શાળામાં ભણતા ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો માટે ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપના એન્ટ્રી ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી- વીંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન મળી શકશે. આ વર્કશોપના ભરેલા અરજી ફોર્મ તા. ૧૨મી જૂન, ૨૦૧૯ સુધી સ્વીકારવામાં આવશે. વર્કશોપના સ્થળની માહિતી નિયત જમા કરાયેલા ફોર્મમાં દર્શાવેલ સંપર્ક નંબર પર જાણ કરવામાં આવશે. વધુ માહિતી માટે કચેરીનો ફોન નંબર – ૦૭૯- ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.



ગાંધીનગરના યુવા વકતા પાર્થ શાસ્ત્રીની વ્યાસપીઠેથી સે-૨૫ સંતોષીમાતાના મંદિર પાસે રામકથા યોજાયેલ છે. જેનો શહેરના શ્રધ્ધાળુઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે.

# ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી યજ્ઞ ઉપાસના અભિયાન યોજાયું

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા પ.પૂ. ગુરૂદેવ રામશર્મા આચાર્યજીની પુણ્યતિથિ નિમિત્તે રવિવારે ગૃહેગૃહે ગાયત્રી યજ્ઞનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વેદમાતા ગાયત્રી ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વારના આદેશાનુસાર હાથ ધરવામાં આવેલ અભિયાનમાં ગાંધીનગર જિલ્લાની શક્તિપીઠો કલોલ, માણસા, દહેગામના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જિલ્લાના ૩૦૦ યજ્ઞોના સંકલ્પ સાથે કુલ ૧૧૫૯ એકકુંડી ગાયત્રી યજ્ઞ એક જ સમયે રાષ્ટ્રની નવજાગૃતિ માટે સંપન્ન કરવામાં આવ્યો હતો.



**પવિત્ર રમઝાન નિમિત્તે રોઝા**

પવિત્ર રમઝાન મહિના દરમિયાન નગરના જાણીતા સ્ટેમ્પ વેન્ડર મહંમદ ઘાંચીની દીકરી સના ઘાંચીએ ૩૦ દિવસ રોઝા રાખ્યા હતા. જ્યારે તેમના પુત્ર મહમંદ પેગામે ૧૦ દિવસના રોઝા પાળ્યા હતા. આ બન્ને રેડીયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ છે.

# વિનામૂલ્યે જ્યોતિષીય માર્ગદર્શન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૬

વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૮ જૂનના રોજ વિનામૂલ્યે જ્યોતિષીય માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦થી ૧૨.૩૦ તથા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન હરિગોલ્ડ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૧૨૧, કુડાસણ ખાતે યોજાશે. વિનામૂલ્યે યોજાનાર કેમ્પમાં હસ્તરેખા, કુંડળી, એકશાસ્ત્ર, ટેરોટ કાર્ડ, પૂજાકુંડળી, પેન્ડુલમ, રમલશાસ્ત્ર દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવશે.

# શનિવારે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની એકવીસમી કાર્યશાળા યોજાશે

**ગુજરાતી વ્યાકરણના અભ્યાસુ કલ્પેશ પટેલ ''ગુજરાતી ભાષાની વિશિષ્ટતા સમાસ''નો વિષય ભણાવશે**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા ગુજરાતી ભાષાના સંવર્ધન અને સંરક્ષણ માટે સતત અને સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. આ અંતર્ગત આગામી તા. ૮મી જૂન શનિવારના રોજ બપોરે સાડા ત્રણથી છ વાગ્યા દરમ્યાન માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની એકવીસમી કાર્યશાળાનું ચિલ્ડ્રન યુનિવર્સિટીના સભાખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની એકવીસમી કાર્યશાળામાં એક આદર્શ શિક્ષક, માતૃભાષાના હિમાયતી સફળ નવલકથાકાર, સારા વાર્તાકાર અને ગુજરાતી વ્યાકરણના અચ્છા અભ્યાસુ એવા કલ્પેશભાઈ પટેલ ''ગુજરાતી ભાષાની વિશિષ્ઠતા-સમાસ''નો રસપ્રદ વિષય પોતાની આગવી શૈલીથી ભણાવવા આવશે. ચોક અને બોર્ડ મારફતે પરંપરાગત રીતે અને જીવંત પ્રશ્નોતરી સાથે તથા ભાષાના વિદ્વાનોની હાજરીમાં વિનામૂલ્યે યોજાનાર આ વર્ગમાં ભાગ લેવા ભાષાપ્રેમીઓ, પત્રકારો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, લેખકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. જે કોઈ ભાષાપ્રેમી આ કાર્યશાળામાં સામેલ થવા ઈચ્છતા હોય તેમણે પોતના આગમનની જાણ કાર્યશાળાના સંયોજક સંજય પંડ્યાને મો. નં. ૯૮૨૫૭ ૦૯૭૭૮ પર જાણ કરવી જેથી ઉચિત વ્યવસ્થા થઈ શકે તેવુ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.



**ઈસનપુર મોટા ખાતે પુળા ભરેલા ગોડાઉનમાં આગ**

ગાંધીનગર ચાલુકાના ઈસનપુર મોટા ખાતે ધધરિયા વાસ પાસે પટેલ ગોવિંદભાઈ રણછોડભાઈના ગોડાઉનમાં અચાનક રાત્રે આગ લાગતાં ભરેલ મોંઘુ દાટ ૪૦૦૦ થી ૫૦૦૦ જુવારના પુળા અને ઘઉંનું પરાળ બળી જતાં આશરે એક લાખનું નુકશાન થતાં માલિકને ચિંતા અને નિરાશાનું મોજું ફરી વળ્યું હતું. આગ લાગતાં ગાંધીનગર ફાયર બ્રિગેડ અને ગ્રામજનોને આગ હોલવવા ભારે જહેમત ઉઠાવી આગ કાલુમાં લીધી હતી.

# વૈષ્ણવ સમાજ દ્વારા વડોદરા વ્રજધામ મંદિર ખાતે મનોરથ યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા વડોદરા વ્રજધામ મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવ નિમિત્તે વડોદરા ખાતે તા. ૧૦ જૂનના રોજ મહોત્સવ સભા, સંગીત સંધ્યા અને જળ વિહારમાં આમ્રકુંજનો ભવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. પ.પૂ. ૧૦૮ વ્રજરાજકુમાર મહોદયના અધ્યક્ષપદે યોજાનાર મનોરથમાં ગાંધીનગરથી વડોદરા જવા માટે એસી લકઝરી બસનું આયોજન કરવામાં આવ્યુ છે. ઈચ્છુક ભક્તોએ તા. ૮ જૂન સુધીમાં વ્યક્તિદીઠ રૂ. ૪૦૦ નોંધાવી લેવા સંસ્થાના ઉપપ્રમુખ રસીકભાઈ ગાંધી દ્વારા જણાવાયું છે.



**શિવપુરા કંપા ગામમાં ગાયે બે વાછરડાને જન્મ આપ્યો**

ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક શિવપુરા કંપા ગામમાં રહેતા સંજયભાઈ પટેલ ખેડૂત આગેવાન પશુપાલન અને ખેતી વ્યવસાય ધંધા-રોજગાર સાથે આજીવિકાની સારી આવક મેળવી ગુજરાત ચલાવી રહ્યા છે. જયારે કુદરતની કરામત સદનસીબે ગાયોના તબેલામાંથી એચ.એફ. ગાયે બે બચ્ચાને જન્મ આપતાં તંદુરસ્ત વાચરડી અને વાછરડાં સાથે જન્મ થતાં ગ્રામજનોમાં અચરજ પેદા થઈ હતી.

# ડિપ્લોમા ઈજનેરી કોલેજમાં ચાલતા શિષ્યવૃતિ કૌંભાડ અંગે એનએસયુઆઈનું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૬

ગુજરાત રાજયની તમામ સ્વનિર્ભર ડિપ્લોમાં ઈજનેરી કોલેજમાં છેલ્લા કેટલાક સમયથી શિષ્યવૃતિનું કરોડો રૂપીયાનું કૌંભાડ ચાલી રહ્યું છે. તેમ છતા આજદિન સુધી જીટીયુ સંલગ્ન કોલેજોમાં તપાસ કરવામાં આવી નથી. જો જીટીયુ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો હજુ મોટા કૌંભાડ ખુલે તેવી એનએસયુઆઈ દ્વારા કહેવામાં આવી રહ્યું છે. ત્યારે કોલેજ સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી અને સત્તાધિશોને છાવરવામાં આવતા હોય તેમ એનએસયુઆઈ કાર્યકરો કહી રહ્યા છે. જયારે કોલેજોએ ડમી વિદ્યાર્થીઓના નામે સરકાર પાસેથી શિષ્યવૃતિના નામે કરોડો રૂપીયા ખંખેર્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓના ખોટા દસ્તાવેજોના આધારે કોલેજોમાં ગેરકાયેદસર એડમીશન કરી ખોટા બેંક ખાતા ખોલાવી કેટલાક અધિકારીઓના મેળાપીપણાથી સરકારના કરોડો રૂપીયા ચાઉં કરી જનારી સંસ્થાઓ સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. તંત્ર દ્વારા સ્થળ તપાસણી, વિદ્યાર્થીઓની હાજરી, વિદ્યાર્થીઓની યુનિવર્સિટી પરીક્ષાની હાજરી, અયોગ્ય બેંક ખાતાઓની તપાસ, ભુતીયા હોસ્ટેલની તપાસ થાય તો સમગ્ર હકીકત બહાર આવી શકે છે. લેભાગુ દલાલો, અને સંસ્થાઓ દ્વારા એસસી વિદ્યાર્થીઓના દસ્તાવેજ લઈ બેંકમાં જાતે જ ખાતા ખોલાવી વિદ્યાર્થીઓનું શિષ્યવૃતિનુ ફોર્મ જાતે જ ભરીને પહેલાથી જ ચેક પર ખોટી સહી કરાવી સરકાર દ્વારા આપવામાં આવતી શિષ્યવૃતિનું સીધા જ રૂપીયા ઉભા કરવાનું કૌંભાડ ચાલી રહ્યું છે જેને પગલે એનએસયુઆઈ દ્વારા અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકને આવેદન પત્ર પાઠવી આ અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે અને જો ટુંક સમયમાં આવી કોલેજો સામે તંત્ર દ્વારા પગલા નહીં ભરવામાં આવે તો એનએસયુઆઈ એસસી વિદ્યાર્થીઓના હિતમાં ઉગ્ર આંદોલન કરશે.

## ચિરવિદાય

- સ્વ. બાજીમા મોહનભાઈ નાથબાવા ઉ.વ.૧૦૫
- સ્વ. ભીલ પોપટલાલ દેવાભાઈ ઉ.વ. ૩૯